



NAVSARJAN
XCHD

# આયોજક સંસ્થાઓ

નવસર્જન ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ

પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (PUCL)

નવચેતના ટ્રસ્ટ

પીપલ ફોર ઇન્ડિયા ફોરમ

સુરત શહેર જીલ્લા મહિલા સંઘ

સંસ્કૃત ભાષા પ્રચારક મંડળ

ગુજરાત હિતરક્ષક સભા

ગુજરાત રાજ્ય પ્રોઢ શિક્ષણ સંઘ

સદભાવના સંઘ

ગુજરાત સર્વોદય મંડળ

નવ યુવા સંગઠન

NAVSARJAN XCHD

# સહયોગી સંસ્થાઓ

સુમુલ, સુરત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત (VNSGU)

## મુખ્ય આયોજક ટીમ

ફાધર રાજીવ એસ.જે. ડાયરેક્ટર, નવસર્જન ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવેલોપમેન્ટ, સુરત

કૃષ્ણકાંત ચૌહાણ, PUCL, ગુજરાત

સુગીત પાઠકજી

સપના પાઠકજી

સમીર મેકવાન, મેનેજર, નવસર્જન ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવેલોપમેન્ટ, સુરત

## સહાયક ટીમ

પાયલ ગામીત
સુનીલ વાતાસ
સમીર મેકવાન
કૃષ્ણકાંત ચૌહાણ
સુગીત પાઠકજી
ફાધર રાજીવ એસ.જે.

## અહેવાલ લેખન

પાયલ ગામીત
સુનીલ વાતાસ
સમીર મેકવાન
કૃષ્ણકાંત ચૌહાણ
સુગીત પાઠકજી
ફાધર રાજીવ એસ.જે.

NAVSARJAN XCHD

## પ્રસ્તાવના:

ભારત વિશ્વનું સૌથી મોટું ગણરાજ્ય છે. આઝાદી કા અમૃત મહોત્સવ એ પ્રગતિશીલ ભારતના 75 વર્ષ અને તેના લોકો, સંસ્કૃતિ અને સિદ્ધિઓના ગૌરવશાળી ઈતિહાસની ઉજવણી અને સ્મરણ માટે ભારત સરકારની પહેલ છે. આ મહોત્સવ ભારતના લોકોને સમર્પિત છે, જેમણે ભારતને તેની ઉત્ક્રાંતિની સફરમાં અત્યાર સુધી લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી. લગભગ ૧૦૦ વર્ષની સ્વતંત્રતાના આંદોલનની ફળશ્રુતિ રૂપે આપણને આઝાદી મળી છે. આઝાદીની લડાઈમાં કેટલાય લોકોએ પોતાનું બલીદાન આપ્યું છે. જેમાંથી કેટલાય લોકો ગુમનામ છે. આ ૭૫ વર્ષની ઉજવણીમાં આપણે તેમને પણ યાદ કરવા જોઈએ. ***"આઝાદી કા અમૃત મહોત્સવ"*** ની સત્તાવાર યાત્રા 12મી માર્ચ, 2021ના રોજ શરૂ થયેલ હતી અને એક વર્ષ પછી 15મી ઓગસ્ટ, 2023ના રોજ સમાપ્ત થશે.

ભારત સરકાર આ ૭૫ વર્ષની આઝાદીને **'આઝાદી કા અમૃત મહોત્સવ'**ના વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. જે અંતર્ગત સરકાર જુદા જુદા પ્રકારે આઝાદીના આ ઉત્સવને ઉજવી રહી છે. ભારતના નાગરિકો તરીકે આપણે પણ આપણી રીતે આ આઝાદી દ્વારા મળેલી સ્વતંત્રતા જે હર્ષોલ્લાસથી ઉજવવી જોઈએ.

સુરતની કેટલીક સામાજિક સંસ્થાઓ, સરકારી વિભાગો, શિક્ષણ સંસ્થાઓ, સહકારી ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ અને કેટલાક નાગરિકોએ સાથે આવી આપણા આઝાદીને એક જુદી રીતે સાથે મળીને ઉજવવાનું નક્કી કર્યું.

## આઝાદી કા અમૃત મહોત્સવની થીમ

ભારતીય સ્વતંત્રતાના આંદોલનની ફળશ્રુતિ તરીકે ભારતીય નાગરિકોએ ૧૫, ઓગસ્ત ૧૯૪૭ના રોજ ફક્ત સ્વરાજ્ય મેળવ્યું તેવું નથી, પણ બંધારણીય લોકશાહીની દિશામાં મહત્વનુ પગલું ભર્યું. ભારતીય બંધારણ ભારતમાં વસ્તી વિવિધ ધાર્મિક, ભાષાકીય, તથા સાંસ્કૃતિક વિવિધતા ધરાવતી વસ્તીના દરેક વ્યક્તિને પોતીકું લાગે તેવું બંધારણ બન્યું છે. બંધારણના પાયાના સિદ્ધાંતોમાં સર્વ નાગરિકો માટે સ્વતંત્રતા, સમાનતા, ન્યાય અને ભાઈચારો સુનિશ્ચિત થાય તેનો સમાવેશ છે.

આવા પ્રયાસના ભાગરૂપે તા. 26 નવેમ્બર 2021 થી 10 ડિસેમ્બર 2021 દરમ્યાનનું પખવાડિયું ભારતીય સ્વતંત્રતા ચળવળની દેન સમાન બંધારણીય વારસાને દેશના યુવા-ધન/વર્ગ વચ્ચે લઈ જઈ ભારતીય

NAVSARJAN XCHID

બંધારણના આમુખમાં સામેલ એવા ભારતને એક દેશ તરીકે બાંધનારા મૂલ્યોને કેન્દ્રમાં રાખી નિબંધ, વાર્તા કથન, ચિત્રકામ, રંગોળી, ગીત, કવિતા જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૯૬ જેટલા કોલેજના યુવાનો-




યુવતીઓએ ભાગ લઈ બંધારણીય મૂલ્યોને લઈને પોતાની સમજ રજુ કરી હતી. સ્પર્ધામાં પસંદગી પામેલ પ્રથમ 3 સ્પર્ધાર્થીને રોકડ ઇનામ, શિલ્ડ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને SUMUL દ્વારા પણ સહકાર આપવામાં આવ્યો છે. જેમ શૈક્ષણિક ક્ષેત્રે અનેક શિક્ષણ સંસ્થાઓનો ફાળો મહત્વપૂર્ણ રહ્યો છે, તેવી રીતે પશુપાલકોને આર્થિક રીતે સદ્ધરતા અને દેશના નાગરિકોને પોષણ માટે 'શ્વેત ક્રાંતિ'માં સહભાગી SUMUL સંસ્થાએ આ કાર્યક્રમને સહકાર, સાથે સંદેશ પણ આપ્યો છે કે બંધારણના મૂલ્યોના અવતરણ માટે નાગરિક સંસ્થાઓ જે સામાજિક, આર્થિક કે સહકારી ક્ષેત્રે સક્રિય છે તેનો પણ મૂલ્યવાન ફાળો હોય છે.

## સ્પર્ધા 1 : ચિત્રકામ સ્પર્ધા

**"આઝાદી ક અમૃત મહોત્સવ" -**

ભારતીય બંધારણીય વારસાના પખવાડિયાનું શુભારંભ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) ના ઈનડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ચિત્રકામ સ્પર્ધા દ્વારા માનનીય Veer Narmad South Gujarat University ના કુલપતિશ્રી ડૉ. કે.એન. ચાવડા હસ્તગત કરાવવામાં આવી હતી. જેમાં અન્ય મહેમાનો તરીકે National Service Scheme (NSS) ના કોઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્ર, યુવા કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ડૉ. પૌલ ડેવિડે હાજરી આપી હતી. કાર્યક્રમના સમાપનમાં સુરત જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ તરફથી એડવોકેટ. શોભનાબેન છાપડિયા, VNSGUના કાયદા શિક્ષણ વિભાગના પ્રોફ. સપના પાઠકજી અને એડવોકેટ શિલ્પી બર્મન વિશેષ હાજર રહ્યા હતા.





ચિત્રકામ સ્પર્ધામાં વિવિધ કોલેજના ૩૧ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. વિધાર્થીઓમાં બંધારણના આમુખનો વિષય આપવામાં આવ્યો હતો, વિધાર્થીઓ દ્વારા ૨ કલાકના સમયમાં આપેલ વિષય પર સરસ ચિત્રો બનાવ્યા હતા. બંધારણમાં આવેલ ચાર મુખ્ય સિદ્ધાંતોનું વિધાર્થીઓ દ્વારા સરસ રીતે પેપર પર ચિત્રીત કર્યું.



# ચિત્રકામ સ્પર્ધા







1 WINNER

**રૂતુરાજસિંહ રાજેન્દ્રસિંહ વાઘેલા**

ફાઈન આર્ટસ વિભાગ- VNSGU સુરત.

2 WINNER

**કુંવર રઘુભાઈ રૂપાભાઈ**

શ્રી. વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર

3 WINNER

**ધનશ્રી ડી. ઘોડકે**

ફાઈન આર્ટસ વિભાગ- VNSGU સુરત

## પ્રોત્સાહન ઈનામ






**મહેતો અંશુ લક્ષ્મણ**
**આર.વી. પટેલ કોલેજ**

**ધોરાજીયા રૂચિતા જયેશભાઈ**
**સીડી બરફીવાલા કોલેજ**

NAVSARJAN XCHD

# સ્પર્ધા 2 : રંગોળી સ્પર્ધા




અંબાબા ગર્લ્સ હાઇ સ્કૂલના હોલમાં 30 નવેમ્બર ૨૦૨૧ના રોજ કોલેજના ૨૪ વિધાર્થિનીઓ/વિધાર્થીઓ દ્વારા વિવિધ રંગી ભારતને રંગોળી દ્વારા દર્શાવવામાં આવ્યું. VNS-GU સ્લંગન વિવિધ કોલેજોમાંથી વિધાર્થીની/ વિધાર્થીઓએ પોતાની કલા દ્વારા બંધારણીય વારસાની ઉજવણીમાં રંગો પૂરી દેશની વિવિધતાને રંગોળીમાં ઉતારી.




નિર્ણાયક આમ્રપાલિબેન દેસાઈએ સ્પર્ધકોને અત્યંત સુંદર રંગોળી બનાવવા બદ્દલ અભિનંદન આપ્યા હતા. જાણીતા રંગોળી કલાકાર અખ્તરભાઈ ટેલરએ આ અનોખી સ્પર્ધામાં બંધારણના આમુખના મૂલ્યોને અવતરિત કરવા માટે જે વિવિધ કલ્પનાઓ સ્પર્ધકોએ જેટલી સુંદરતા સાથે રજૂ કરી તેવી સુંદરતા અને બંધુતા દેશમાં બની રહે તે માટે સહુ પ્રતિબદ્ધ થયે તેવું આવાહન કર્યું હતું. કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે એડ. શાહીનબેન સૈયદએ જણાવ્યુ હતું કે બંધારણીય મૂલ્યોના કારણે આજે ભારત વિશ્વમાં પોતાની નવી ઓળખ ઊભી કરી શક્યું છે. અંબાબા સ્કૂલના પ્રિન્સિપાલ મોનાબેનએ આપણાં રાષ્ટ્રીય કાર્યક્રમમાં તેમની સંસ્થાને સહભાગી કરવામાં આવી તે બદ્દલ સહુ આયોજકોનો આભાર માની, આનંદ વ્યક્ત કર્યો હતો .

# રંગીલી સ્પર્ધા










1 WINNER

**શર્મા દીપા દયાનંદ, સાક્ષી નરેન્દ્રભાઈ વણજારી, સોનાવણે સોનાલી દુર્ગાદાસભાઈ**

શ્રી. મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ કોલેજ, પાંડેસરા, સુરત.

2 WINNER

**રુચિ વરિયા**

એમ.ટી.બી આર્ટસ કોલેજ, સુરત

3 WINNER

**દેસાઈ સપના મુકેશભાઈ, ખસકાટા ધ્રુવી રમેશભાઈ, પ્રજાપતિ રિદ્ધિ રસિકભાઈ**

શ્રી. મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ કોલેજ, પાંડેસરા, સુરત.

## પ્રોત્સાહન ઈનામ




**હિરલ વર્ષા ભાઉસાહેબ, ચૌધરી ગાયત્રી રવીન્દ્ર, પાટીલ મોહિત ઝુલાલ**

શ્રી. મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ કોલેજ, પાંડેસરા, સુરત.



**મહેતો અંશુ લક્ષ્મણ**

આર.વી. પટેલ કોલેજ

## સ્પર્ધા 3 : નિબંધ સ્પર્ધા

નિબંધ સ્પર્ધામાં ૪ વિષય આપવમાં આવ્યા હતા જે આ મુજબ છે.1. વિવિધ રંગી ભારતમાં એક રંગી બંધુતા, 2. મહિલા ઉત્થાન- સમાજ પરિવર્તનમા નિમિત્ત ભારતીય બંધારણ, 3. સમતા અને સમાનતા ધોરણો, 4. જીવંત લોકશાહીનું લક્ષણ – વૈચારિક અભિવ્યક્તિ જેવા વિષયોને નિબંધમાં ઉતારવા આ સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટિના સહયોગથી જુદી -જુદી કોલેજના ૨૩ વિધાર્થી – વિધાર્થીનીઓ જોડાયા હતા.વિધાર્થીઓ દ્વારા ૧ કલાકમાં પોતાના શબ્દોમાં નિબંધ લેખન કર્યું હતું.



સ્પર્ધા પછી વિધાર્થીઓ સાથે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં મુખ્ય વક્તા તરીકે સત્યશોધક સભાના ઉપપ્રમુખ પ્રોફેસર .સૂર્યકાંત શાહ ઉપસ્થિત રહ્યા હતા .તેમણે બંધારણના આમુખમાં રહેલા મૂલ્યો, સમાનતા, ધર્મનિરપેક્ષતા, સમાજવાદ, લોકશાહી વિષે વ્યાપક સમજણ આપી હતી.જેમ શૈક્ષણિક ક્ષેત્રે અનેક શિક્ષણ સંસ્થાઓનો ફાળો મહત્વપૂર્ણ રહ્યો છે, તેવી રીતે વિવિધ સામાજિક કાર્યો કરતી સંસ્થાઓ વિશે જાણી વિધાર્થીઓને આનંદ થયો હતો.



# નિબંધ સ્પર્ધા

1 WINNER

**એશા ગોયલ** VNSGU.સુરત.

2 WINNER

**શેખ રૂશદાબાનો અબ્દુલ કરીમ**

શ્રી. મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ B.ED કોલેજ, પાંડેસરા, સુરત.

3 WINNER

**ભંડેરી પુનિત રાજુભાઈ**

વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ

## પ્રોત્સાહન ઈનામ

**પટેલ માર્ગી અલ્કેશ કુમાર**

શ્રી. મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ B.ED કોલેજ, પાંડેસરા, સુરત.

**જોશુઆ એમ માર્ટિન**

નવયુગ આર્ટસ કોલેજ, સુરત.

NAVSARJAN XCHD

## સ્પર્ધા 4: ગીત અને કવિતા સ્પર્ધા

ગીત એ તો ગુજરાતી માણસ માટે જાણીતો શબ્દ છે અને તેને અંગ્રેજીમાં Lyric પણ કહેવાય છે આ શબ્દ લયના અર્થમાં વાપરી શકાય , સુંદરમ તો ગીત વિશે કહે છે કે ગીત એ સંગીત અને કવિતાના સહિયારા સીમાડા પર ઉગેલો છોડ છે તો નર્મદ પણ તેને સંગીત કાવ્ય સાથે સરખામણી કરી આપે છે .





ગીત અને કવિતા સ્પર્ધામાં બંધારણના આમુખને કેન્દ્રમાં રાખી સહભાગીઓએ ગીત લખવામાં આવ્યા અને ગાવામાં આવ્યા. સ્પર્ધા દરમ્યાન ગીત ગાવા માટે ૪-૫ મીનીટની સમય મર્યાદા રાખવામાં આવ્યો. કવિતા સ્વ લેખિત હોવી ફરજીયાત છે. આ સ્પર્ધામાં **૧૨** વિધાર્થીઓ/વિધાર્થીનીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે મનસુખભાઈ નારિયા ખુબ મહત્વનો ભાગ ભજવ્યો અને તેઓએ સ્પર્ધકોને બંધારણ વિશે ખ્યાલ આપ્યો.

# ગીત અને કવિતા સ્પર્ધા

## ગોહિલ ગૌતમ શાંતિલાલભાઈ

પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, સુરત.

## શ્રદ્ધા પટેલ

S.P.B અંગ્રેજી માધ્યમ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

## કુશાંગી કૈલાશભાઈ દરેકર

ઝેડએફ વાડિયા મહિલા, સુરત.

# પ્રોત્સાહન ઈનામ

## શિખા વ્યાસ

ફાઈન આર્ટસ કોલેજ, સુરત.

NAVSARJAN /CHD

## સ્પર્ધા 5 : વાર્તા કથન સ્પર્ધા

બાળકોને જીવનના મુલ્યો શીખવાડવા માટે વાર્તાથી સશક્ત બીજુ કોઈ માધ્યમ નથી. પહેલાના જમાનામાં બાળકો માટે વાર્તા જ એકમાત્ર મનોરંજનનુ સાધન હતુ.હવેના યુગમાં વાર્તા કહેવાની કળા ભુલાઈ ગઈ છે.બાળકોમાં સર્જનાત્મકતા કેળવવા માટે પણ વાર્તાઓ જરુરી છે અને વાર્તા એટલે માત્ર પંચતંત્રની બોધકથાઓ એવુ નહી.આ તમામ બોધકથાઓ જ બાળકોને કહેવી જરુરી નથી.તેમને પર્યાવરણને પ્રેમ કરવાનો સંદેશો આપતી બીજી ઘણી વાર્તાઓ કહી શકાય.







વાર્તા કથન સ્પર્ધામાં સ્પર્ધકોને અગાવથી વિષય આપવામાં આવ્યો હતો, કે સ્વતંત્રતા આંદોલન દરમ્યાન કોઈ ઘટેલ પ્રસંગ વાર્તા રૂપે રજુ કરવાનું હતું. સ્પર્ધકો તૈયારી કરીને આવ્યા હતા અને તે પ્રમાણે તેમણે રજુ કર્યા હતા.સ્પર્ધા દરમ્યાન વાર્તા કથન માટે ૪-૫ મીનીટની સમય મર્યાદા રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં 7 વિધાર્થીઓ/વિધાર્થીનીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે ફૈજલભાઈ બકીલીએ ખુબ મહત્વનો ભાગ ભજવ્યો.તેમણે વિધાર્થીઓ સાથે વાર્તા લાપ કર્યો હતો.

# વાર્તા કથન સ્પર્ધા

1 WINNER

**સાક્ષી નરેન્દ્રભાઈ વણજારી**

શ્રી. મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ B.ED કોલેજ, પાંડેસરા.

2 WINNER

**જાની પ્રણવકુમાર**

ગણિત વિભાગ - VNSGU, સુરત.

3 WINNER

**પાસા નાસીબાનુ અસગર**

વિવેકાનંદ કોલેજ, સુરત.

NAVSARJAN XCHD

## સમાપન અને પારિતોષિક વિતરણ સમારોહ:




આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમનું સમાપન અને પારિતોષિક વિતરણ સમારોહ તા. 10 ડિસેમ્બર, 2021 ને શુક્રવારના રોજ સવારે 10:00 થી 01:00 દરમ્યાન શ્રી મહાવીર વિદ્યા મંદિર ટ્રસ્ટ બી.એડ કોલેજ, પ્રમુખ પાર્ક, પાંડેસરા ખાતે રાખવામાં આવેલ હતું.

કાર્યક્રમ પ્રસંગે સહુ પ્રથમ શ્રી જનરલ બિપિન રાવતને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. વિધાર્થીઓને VNSGUના કુલપતિશ્રી ડૉ. કે. એન. ચાવડા દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતા. ઈનામ વિતરણ કાર્યક્રમમાં **ડૉ. રિદ્ધિબેન દેસાઈ** - મહાવીર એડ્યુકેશન ટ્રસ્ટના સંચાલિત બી.એડ કોલેજ, **ફા. રાજીવ ચક્નારાયણ**—નવસર્જન સંસ્થાના ડાઇરેક્ટર, શ્રી ડૉ. મનીષભાઈ ભટ્ટ — સુમુલ ડેરી અને **ડૉ. સત્યકામ જોશી** - સેંટર ફોર સોશિયલ સ્ટડીસના ડાઇરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં બંધારણ યુવા પેઢી માટે કેમ ખુબ મહત્વનું છે તે સંદર્ભે દરેક મુખ્ય મહેમાનોએ પોતાના વિચારો રજુ કર્યા હતા તેમજ દરેક યુવા ધન ને આમુખ જાણે અને તેનો અભ્યાસ કરી પોતાના હક્કો માટે અવાજ ઉઠાવતા થાય અને પોતાના ભવિષ્ય ને ઉજ્જવળ બનાવે તે દિશામાં શુભકામના આપી હતી.

તેમના દ્વારા વિજેતા સ્પર્ધકોને બંધારણના આમુખવાળું શીલ્ડ, સર્ટિફિકેટ અને રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના સમાપન અને આભાર દર્શન કરતાં શ્રી સમીરભાઈ મેકવાનએ આ અનોખી સ્પર્ધામાં સંકળાયેલ તમામ લોકોનો આભાર માન્યો હતો.


AHAVIR VIDYAMANDIR TRUST B.Ed. COLLEGE






SHRI MAHAVIR VIDYAMANDIR TRUST


TRUST B.Ed.


SHRI MAHAVIR
B.Ed. COLLEGE


TRUST B.Ed.
સમતા
ન્યાય

# વિશેષ આભાર

## અમારા નિર્ણાયકો શ્રીઓ

| નિર્ણયકોના નામ | |
|---|---|
| **Competition** | **Name** |
| Painting | Mr. Rajshri Smart |
| | Mr. Rahul Kantharia |
| | Mr. Jaydeep Kotadiya |
| Rangoli | Dr. Amrapali Desai |
| | Mr. Akhtarbhai Tailor |
| Essay | Prof. Suryakant Shah |
| Song/Poem | Mr. Mansukhbhai Nariya |
| Story | Mr. Faysalbhai Bakili |

NAVSARJAN XCHID

# સહભાગી કોલેજ

| Sr. No | College Name |
|---|---|
| 1 | Sheth C.D. Barfiwala College of commerce Surat |
| 2 | Art College Songadh |
| 3 | B.J. Patel college of Education Trust Bardoli. |
| 4 | C.N. KOTHARI HOMEOPATHY MEDICAL COLLEGE AND RESEARCH CENTER,VYARA |
| 5 | G. N. Pandya college Dhastan. |
| 6 | Government art's/commerce college, Kachal. |
| 7 | J Z SHAH ARTS AND H P DESAI COMMERCE COLLEGE |
| 8 | M L Parmar |
| 9 | M.T.B ARTS COLLEGE |
| 10 | NAVYUG ARTS COLLEGE, RANDER ROAD, SURAT |
| 11 | PROF.V.B. SHAH INSTITUTE OF MANAGEMENT |
| 12 | R. V. PATEL COLLEGE OF COMMERCE |
| 13 | S.P.B College of Commerce |
| 14 | Sascma English Commerce College |
| 15 | SHAH K. M. LAW COLLEGE, VALSAD |
| 16 | Shree Mahavir Vidhyamandir Trust B. Ed college. |
| 17 | Shree shambhubhai v. Collage |
| 18 | SHRI VANRAJ ARTS AND COMMERCE COLLEGE, DHARAMPUR |
| 19 | Smt. Tanuben & Dr. Manubhai Trivedi college of information science (B. C. A.) |
| 20 | SPB college of commerce |
| 21 | Sutex bank college of computer application & science |
| 22 | V.T. Poddar commerce college |
| 23 | V.L. shah college of Commerce |
| 24 | Vanita Vishram women's commerce College |
| 25 | Vidhyadeep homoeopathic medical College |
| 26 | Vivekanand College for B.ed. |
| 27 | VNSGU, Fine Arts Dept |
| 28 | VNSGU, Law Dept |
| 29 | VNSGU, Sociology Dept |
| 30 | Z.F Wadia Women's college |

NAVSARJAN XCHD